**રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટીઓ અંતર્ગત ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટીવ કમિટીની ત્રિસ્તરીય સમિતિઓના બંધારણમાં ફેરફાર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
હુકમ ક્રમાંકઃ **સરક્ષ/૧૦/૨૦૧૪/૨૮૧૩/ટ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– **૨૫/૦૨/૨૦૧૬.**

**વંચાણે લીધાઃ–** (૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૬/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.

(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૯/૧૦/૨૦૧૪નો સમાન ક્રમાંકનો ઠરાવ.

**પ્ર સ્તા વ ના :–**

ગૃહ વિભાગના ઉકત સંદર્ભ ક્ર.:(૧) સામે દર્શાવેલ તા.૨૬/૦૯/'૧૨ના ઠરાવથી રાજય કક્ષાની, શહેરી કક્ષાની તથા જિલ્લા કક્ષાની 'સુરક્ષા સેતુ સોસાયટીઓ'ની ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટીવ કમિટીની રચના કરવામાં આવેલ. ત્યારબાદ, ઉપર સંદર્ભ ક્ર.:(૨) સામેના ઠરાવથી આ બે સમિતિઓના બંધારણમાં કેટલાક ફેરફાર કરવામાં આવેલ છે. આ ત્રિસ્તરીય સુરક્ષા સેતુ સોસાયટીઓની ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટીવ કમિટીના બંધારણમાં પુનઃ કેટલાક ફેરફાર કરવા જરૂરી જણાતાં આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :–**

આથી પુખ્ત વિચારણાના અંતે 'સુરક્ષા સેતુ યોજના' અંતર્ગત રાજય કક્ષાની, શહેરી કક્ષાની તથા જિલ્લા કક્ષાની 'સુરક્ષા સેતુ સોસાયટીઓ'ની ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટીવ કમિટીઓના બંધારણમાં આંશિક ફેરફાર કરી હવે નીચે દર્શાવ્યા પ્રમાણે ગવર્નિંગ કાઉન્સિલ અને એક્ઝિક્યુટીવ કમિટી રાખવાનું આથી ઠરાવવામાં આવે છે :–

## (અ) રાજય કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટી" માટે સમિતિઓ :–

| (૧)ગવર્નિંગ કાઉન્સિલ | | |
|---|---|---|
| **અ.નં.** | **હોદ્દેદાર** | **હોદ્દો** |
| (૧) | મુખ્ય સચિવશ્રી | ચેરમેન |
| (૨) | અગ્ર સચિવશ્રી(ગૃહ) / અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) | સભ્ય |
| (૩) | અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) | સભ્ય |
| (૪) | સચિવશ્રી(કાયદા વિભાગ) | સભ્ય |
| (૫) | અગ્ર સચિવશ્રી (માર્ગ અને મકાન વિભાગ) | સભ્ય |

| | | |
|---|---|---|
| (૬) | અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| (૭) | અગ્ર સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) | સભ્ય |
| (૮) | અગ્રસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય |
| (૯) | અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ | સભ્ય |
| (૧૦) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | સભ્ય |
| (૧૧) | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ) | સભ્ય |
| (૧૨) | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (જેલ) | સભ્ય |
| (૧૩) | અધિક પોલીસ મહાનિદેશકશ્રી / પોલીસ મહાનિરીક્ષકશ્રી (પોલીસ રિફોર્મ્સ અને સુરક્ષા સેતુ) | સભ્ય–સચિવ |
| (૧૪) | બે અગ્રગણ્ય નાગરિકો. | સભ્ય |
| (૧૫) | જરૂર જણાયે કોઈ એક પોલીસ કમિશનરશ્રી અને કોઈ એક રેન્જ વડાશ્રીને વારાફરતી (રોટેશનથી). | આમંત્રિત સભ્ય |

| (૨)એકઝિક્યુટીવ કમિટી | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) / અગ્ર સચિવશ્રી(ગૃહ) | ચેરમેન |
| (૨) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | કો–ચેરમેન. |
| (૩) | સચિવશ્રી (ગૃહ) | સભ્ય |
| (૪) | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ) | સભ્ય |
| (૫) | નાણાં સલાહકારશ્રી, ગૃહ વિભાગ | સભ્ય |
| (૬) | અધિક પોલીસ મહાનિદેશકશ્રી / પોલીસ મહાનિરીક્ષકશ્રી (પોલીસ રિફોર્મ્સ અને સુરક્ષા સેતુ) | સભ્ય–સચિવ |

**(બ) પોલીસ કમિશનરશ્રી કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટીઓ" માટેની સમિતિઓ (અમદાવાદ,સુરત,રાજકોટ તથા વડોદરા માટે) :–**

| (૧) ગવર્નિંગ કાઉન્સિલ | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | પોલીસ કમિશનરશ્રી | ચેરમેન |
| (૨) | કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી. | સભ્ય. |
| (૩) | પોલીસ કમિશનરશ્રી કચેરીના તમામ અધિક પોલીસ કમિશનરશ્રીઓ. | સભ્ય |
| (૪) | મ્યુનિસિપલ કમિશનરશ્રીના પ્રતિનિધિ તરીકે નાયબ કમિશનરશ્રીના હોદ્દાથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રી | સભ્ય |
| (૫) | આર.ટી.ઓ. | સભ્ય |
| (૬) | સી.ઈ.ઓ., શહેરી વિકાસ સત્તામંડળ | સભ્ય |
| (૭) | કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) | સભ્ય |
| (૮) | એકાઉન્ટ ઓફિસરશ્રી / તિજોરી અધિકારીશ્રી | સભ્ય |
| (૯) | અધિક પોલીસ કમિશ્નરશ્રી / ડી.સી.પી.શ્રી (વહીવટ) | સભ્ય–સચિવ |
| (૧૦) | બિનસરકારી સભ્યો (નીચે મુજબ) (૯) | |
| | ૧. અગ્રગણ્ય નાગરિક– બે સભ્યો. | સભ્ય |
| | ૨. અનુસૂચિત જાતિના સભ્ય. | સભ્ય |
| | ૩. અનુસૂચિત જનજાતિના સભ્ય. | સભ્ય |

| | | |
|---|---|---|
| | ૪. મહિલા સભ્ય. (જે તે શહેર કક્ષાની મહિલા સુરક્ષા સમિતિમાં પસંદ થયેલ સભ્યો પૈકી કોઈપણ એકની નિમણૂક કરવી) | સભ્ય |
| | ૫. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્ય. | સભ્ય |
| | ૬. લઘુમતી કોમના સભ્ય. | સભ્ય |
| | ૭. ટ્રેડ યુનિયન કાર્યકર. | સભ્ય |
| | ૮. ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય. | સભ્ય |

| **(૨) એકઝિક્યુટીવ કમિટી** | | |
|---|---|---|
| **અ.નં.** | **હોદ્દેદાર** | **હોદ્દો** |
| (૧) | પોલીસ કમિશ્નરશ્રી | ચેરમેન |
| (૨) | અધિક પોલીસ કમિશ્નરશ્રી / સંયુકત પોલીસ કમિશ્નરશ્રી | સભ્ય |
| (૩) | એકાઉન્ટ ઓફિસરશ્રી / તિજોરી અધિકારીશ્રી | સભ્ય |
| (૪) | અધિક પોલીસ કમિશ્નરશ્રી / ડી.સી.પી.શ્રી(વહીવટ) | સભ્ય–સચિવ |

## (ક) <u>જિલ્લા કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટીઓ" માટેની સમિતિઓ</u> :–

| **(૧) ગવર્નિંગ કાઉન્સિલ** | | |
|---|---|---|
| **અ.નં.** | **હોદ્દેદાર** | **હોદ્દો** |
| (૧) | રેન્જ વડાશ્રી. | ચેરમેન |
| (૨) | કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી | કો–ચેરમેન |
| (૩) | પોલીસ અધિક્ષકશ્રી | સભ્ય |
| (૪) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| (૫) | આર.ટી.ઓ. | સભ્ય |
| (૬) | જિલ્લા પ્રાયોજના અધિકારીશ્રી (આદિવાસી વિસ્તાર માટે) | સભ્ય |
| (૭) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| (૮) | એકાઉન્ટ ઓફિસરશ્રી / જિલ્લા તિજોરી અધિકારીશ્રી | સભ્ય |
| (૯) | નાયબ પોલીસ અધિક્ષકશ્રી (હેડ કવાર્ટર) | સભ્ય–સચિવ |
| (૧૦) | બિનસરકારી સભ્યો (નીચે મુજબ) (૯) : | |
| | ૧. અગ્રગણ્ય નાગરિક–બે સભ્યો. | સભ્ય |
| | ૨. અનુસૂચિત જાતિના સભ્ય. | સભ્ય |
| | ૩. અનુસૂચિત જનજાતિના સભ્ય. | સભ્ય |
| | ૪. મહિલા સભ્ય. (જે તે જિલ્લા કક્ષાની મહિલા સુરક્ષા સમિતિમાં પસંદ થયેલ સભ્યો પૈકી કોઈપણ એકની નિમણૂક કરવી) | સભ્ય |
| | ૫. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્ય. | સભ્ય |
| | ૬. લઘુમતી કોમના સભ્ય. | સભ્ય |
| | ૭. ટ્રેડ યુનિયન કાર્યકર. | સભ્ય |
| | ૮. ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય. | સભ્ય |

| (૨) એકઝિક્યુટીવ કમિટી | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | પોલીસ અધિક્ષકશ્રી | ચેરમેન |
| (૨) | નાયબ પોલીસ અધિક્ષકશ્રી (હેડ ક્વાર્ટર) | સભ્ય સચિવ |
| (૩) | સંબંધિત સબડિવીઝનના એસ.ડી.પી.ઓ.શ્રી | સભ્ય |
| (૪) | એકાઉન્ટ ઓફિસરશ્રી / જિલ્લા તિજોરી અધિકારીશ્રી | સભ્ય |

વંચાણે લીધેલ ઉકત બે ઠરાવોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( પ્રકાશ પટણી )**
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

(૧) માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી).
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) તમામ માન. મંત્રીશ્રી / માન. રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) સચિવાલયના તમામ અધિક મુખ્ય સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / સચિવશ્રીઓ.
(૬) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ.
(૯) અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ), પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૦) સભ્ય સચિવશ્રી, રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી, c/o સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગાંધીનગર.
(૧૧) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
(૧૨) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા.
(૧૩) તમામ જિલ્લા કલેકટરશ્રી.
(૧૪) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
(૧૫) તમામ પોલીસ અધિક્ષકશ્રી.
(૧૬) 'સુરક્ષા સેતુ સોસાયટી'ની તમામ 'ગવર્નિંગ કાઉન્સિલ્સ' અને તમામ 'એકિઝક્યુટીવ કમિટીઝ'ના તમામ સભ્યશ્રીઓ (પોલીસ કમિશનરશ્રી / જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મારફત).
(૧૭) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
(૧૮) ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડા / બોર્ડ / નિગમો.
(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
(૨૦) રાજયના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
(૨૧) ગૃહ વિભાગના તમામ સંયુકત સચિવશ્રીઓ / નાયબ સચિવશ્રીઓ / ઉપ સચિવશ્રીઓ.
(૨૨) સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
(૨૩) ગૃહ વિભાગની તમામ શાખાઓ.
(૨૪) શાખા સિલેકટ ફાઈલ.